જા.નં./મા-૨/૨૦૨૨/૧૭૦૬૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૭/૦૯/૨૦૨૨

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ અને સરકારી પ્રાથમિક શાળાઓ
જિ.સુરત

ડિજિટલ ગુજરાત પોર્ટલ

તમામ જાહેર અને સરકારી પ્રાથમિક શાળાઓ માટે

નં.વિજાક/શિક્ષણ/૨૨-૨૩/૧૧૯૧ થી ૧૨૨૩
નિયામક,વિકસતી જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર
E-mail: ddcw-minority@gujarat.gov.in
ફોન: ૦૭૯-૨૩૨ ૫૩૨૬૫
તા૨૯/૦૯/૨૦૨૨

પ્રતિ,

(૧) જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા), જિ...................... (તમામ)

(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,(વિ.જા) જિ...................... (તમામ)

વિષય: Digital Gujarat Portal પર સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ પૈકીના અતિ પછાત/ વધુ પછાત જાતિના વિધાર્થીઓની યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૨-૨૩) (Website: [illegible])

શ્રીમાન,

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકીના અતિ પછાત અને વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ (OBC-3), ડૉ.આંબેડકર વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટે પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આમ, ૨ શિષ્યવૃત્તિ યોજનાઓને મર્જ કરીને PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (PM YASASVI) for OBC and Others અંતર્ગત પેટા યોજના Pre Matric Scholarship for OBC, EBC and DNT Students વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેમા OBC, EBC અને DNT જાતિના સરકારી શાળામાં અભ્યાસ કરતા ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દિઠ વાર્ષિક રૂ.૪૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

અન્ય પછાતવર્ગ પૈકીના અતિ પછાત/વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની કેન્દ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધો. ૧ થી ૮ના OBC(Most Backward) જાતિના અંદાજીત ૯૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦/- શિષ્યવુતિ ચુકવવામાં આવતી હતી જેમા રાજયના ૫૦% શેર મુજબ રૂ.૭૫૦/- રાજયના ભંડોળ માથી ચુકવવામા આવતી હતી. પરંતુ નવી માર્ગદર્શીકા મુજબ ધો.૯ અને ૧૦ના OBC , EBC , DNT જાતિના વિદ્યાર્થીઓને જ PM-YASASVI અંતર્ગત શિષ્યવુત્તિ ચુકવવાની હોઇ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૯/૦૯/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૨/૭૪૩/અ.૧ થી ધો. ૧ થી ૮ના OBC(Most Backward) જાતિના વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦/- લેખે શિષ્યવુતિ રાજય સરકાર દ્વારા ચુકવવાનુ ઠરાવવામા આવેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધો. ૧ થી ૮ ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના અતિ પછાત/વધુ પછાત જાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના BCK-289-85 Pre. Matric Scholarship

for OBC Most Backward Class (Std. 1 - 8) યોજના અંતર્ગત વિદ્યાર્થી દિઠ રૂ.૧,૫૦૦/- શિષ્યવૃત્તિ તથા રૂ.૯૦૦/- ગણવેશ સહાય આવક મર્યાદા ધ્યાને લીધા વગર ચુકવવાની રહેશે. ઉકત યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએથી પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓને પરીપત્ર દ્વારા જાણ કરી તથા આપના જિલ્લાના પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી સાથે સંકલન કરીને તા.૦૫/૧૦/૨૦૨૨ સુધીમાં મેળવી લેવાની રહેશે. તેમજ જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ તરફથી મળેલ દરખાસ્તો મંજુર કરીને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય ચુકવવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

(એન.એ.નિનામા) IAS
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસા મુન્ડા ભવન, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગરને જાણ તેમજ તમામ શિક્ષણાધિકારીશ્રીને માધ્યમિક શાળાના આચાર્યો ચાલુ વર્ષની કામગીરી સફળ બનાવે તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગરને જાણ તેમજ તમામ પ્રાથમિક/તાલુકા શિક્ષણાધિકારીશ્રીને "પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ" ચાલુ વર્ષની કામગીરી સફળ બનાવે તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.

(૫) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, જૂના સચિવાલય, ગાંધીનગરને જાણ તથા જરૂરી સંકલન સારૂ.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, જુના સચિવાલય, ગાંધીનગરને જાણ તથા જરૂરી સંકલન સારૂ.

(૭) સિનિયર ટેકનીકલ ડાયરેક્ટરશ્રી, સ્ટેટ N.I.C. સેન્ટર, બ્લોક નં-૧૩/૨, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ તેમજ ઉક્ત પોર્ટલને આયોજન મુજબ કાર્યરત કરવા સારૂ.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત.

ન.વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/1010
તા. ૨૬/૦૯/૨૦૨૨

સદરહુ પરિપત્રની સૂચના મુજબ અત્યંત પછાત અને વધુ પછાત જાતિઓની શિષ્યવૃત્તિની દરખાસ્ત તૈયાર કરી મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત.

નકલ સવિનય રવાના:- જાણ તેમજ તમામ શાળાઓને જાણ કરવા સારૂ
(1) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સુરત.
(2) શાસનાધિકારીશ્રી ન.પ્રા.શિ. સમિતિ સુરત.
(3) નગર શિક્ષણ સમિતિ, સુરત

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | ગણવેશ સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | BCK-289-85 Pre. Matric Scholarship for OBC Most Backward Class (Std. 1 - 8) | Most Backward Class | ધો.૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૧,૫૦૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન- એઇડ શાળાઓ |

અન્ય સૂચનાઓ:

૧. વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.

૩. તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને શાળાએ નિયમિત આવતા વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.

૪. અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૫. ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન અને અમલ સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

૬. અત્રેની કચેરીના તા.૨૦/૦૬/૨૦૨૨ના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની કામગીરી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સામાન્ય સૂચનાઓ અનુસાર આ યોજનાનો પણ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અમલ કરવાનો રહેશે.